No Pages to Display

શારદામંદિર - બાલમંદિર. ૮-૨-૭૩

ઘરશાળા બાલપુસ્તકમાળા : : મણકો બીજો

# વસન્તભાઈની વાતો

## : બીજો ભાગ :

૨૭૩

[ શ્રી હરભાઈના આવકાર સાથે ]

: લખનાર :

વસન્ત નાયક

૦ છ આના ૦

: પ્રકાશક :

ઘરશાળા પ્રકાશનમંદિર

ભાવનગર

વસન્ત નાયક
૮ આનન્દનગર
અમદાવાદ ૭

# રેંટિયાબારસ

પ્રથમ આવૃત્તિ : ૩૦-૯-'૪૮ : પ્રત ૧૬૦૦

[ સર્વ હક્ક લેખકને સ્વાધીન ]

: મુદ્રક :
હરભાઈ ત્રિવેદી
ઘરશાળા મુદ્રણાલય
ભાવનગર

નામઃ

ગામઃ




કોઈને વહાલી પીપુડી
કોઈને વહાલું વાજું
મુજને વહાલી ચોપડી
હોંસે હોંસે વાંચું

# : વાતો :


૧ મૂઠી બોર . . ૫

૨ ભાઈ વિમાનમાં ઊડયો ૮

૩ કોની પેન મોટી ?. ૧૧

૪ પાકાં બોર . . ૧૫

૫ રમતિયાળ રામુ . ૧૯

૬ બાપાએ ભારે કરી . ૨૨

૭ બાપુજી જાંબુડાં લાવ્યા ૨૬


: મોટેરાંને :


૧ આવકાર શ્રી હરભાઈ ત્રિવેદી ૩૦

૨ બે બોલ લેખક ૩૧

# મૂઠી બોર

એક હતો છોકરો.
એને બોર બહુ ભાવે.
એક દિવસ એ નિશાળેથી આવ્યો.
તરત માને કહે બોર આપ.

મા કંઈ કામમાં હતી.
તેણે જરા થોભવા કહ્યું.
પણ એને રમવા જવું હતું.
એ ઉતાવળ કરવા લાગ્યો.

એટલે એને માએ કહ્યું,
'પેલા ખૂણામાં ઘાડવો છે.
જા, એક મૂઠી બોર લઈ લે.'



એ ગયો ઘાડવા પાસે.
બોરનો મૂઠો ભર્યો.
પણ હાથ બહાર નીકળે નહિ.

મૂઠી આમ કરી જોઈ.
મૂઠી તેમ કરી જોઈ.
ઘાડવો આમ કરી જોયો.
ઘાડવો તેમ કરી જોયો.
પણ હાથ બહાર નીકળે નહિ.

આખરે એ રડવા લાગ્યો.
રડતો રડતો માને કહે,
'ઘાડવામાંથી હાથ નથી નીકળતો.'
માને કારણ સમજાઈ ગયું.
મા કહે, 'કેવી રીતે નીકળે?
મેં તને જાતે લેવાનું કહ્યું,
એટલે તને લોભ લાગ્યો.
મૂઠીમાંથી થોડાં બોર ઓછાં કર.
તરત હાથ નીકળશે.'

આ સાંભળી છોકરો શરમાઈ ગયો.
એણે થોડાં બોર પાછાં નાખ્યાં.
મૂઠી બોર કાઢ્યાં.
ખિસ્સામાં નાખ્યાં.
ને રમવા ઊપડી ગયો.

# ભાઇ વિમાનમાં ઊડયો

ભાઈબેન વાડામાં રમતાં હતાં.

એવામાં બેનને ગમ્મત સૂઝી.

એ કહે 'ભાઈ, વિમાનમાં ઊડવું છે?'

વિમાનમાં ઊડવું કોને ન ગમે?

ભાઈએ તરત હા પાડી.

એટલે બેન કહે, 'જા, ઘરમાં સંતાઈ જા. થોડીવાર પછી હું તને તેડવા આવીશ.'

ભાઈ ઘરમાં સંતાઈ ગયો.

આમલીના ઝાડે એક હીંચકો બાંધેલો હતો. બેન ગુણિયું લઈ આવી. દોરડાંએ વીંટી ઝોળી બનાવી.

પછી ભાઈ પાસે ગઈ. ભાઈની આંખે પાટો બાંધ્યો. ને ભાઈનો હાથ પકડી લઈ આવી.

ભાઈને હીંચકામાં બેસાડ્યો. ને કહે, 'વિમાનમાં બેસવાની ખુરસી જોઈ? પડી ન જવાય માટે ઊંડી છે. આ દોરડાં પકડવા માટે છે. બરાબર પકડી રાખજે હોં. વિમાન તો ઊંચું નીચું થતું ઊડશે. જો, હવે વિમાન ઊડે છે. લો....'


બેને હીંચકા જોરથી નાખવા માંડ્યા. નાનાભાઈની આંખ બંધ હતી. એને તો પોતે ઊડતો હોય એમ જ લાગવા માંડ્યું.

બેને હીંચકા ખૂબ ચગાવ્યા.

સાં....બોલે ને હીંચકો ચગાવે.
સાં....બોલે ને હીંચકો ચગાવે.

પછી બેન કહે, 'ભાઈ, ધીમેથી પાટો છોડી નાખ. ગમ્મત પડશે.'

ભાઈએ પાટો છોડી નાખ્યો. જુએ તો પોતે હીંચકો ખાતો હતો. એને ખૂબ મજા પડી.



# કોની પેન મોટી ?

એક હતી બેન ને એક હતો ભાઈ.
બન્નેને આજે નવી પેન મળી:
બન્ને હોંસભેર લખવા બેઠાં.
લખતાં લખતાં વાતે ચડયાં.
બેન કહે, 'તારી પેન નાની છે.'
ભાઈ કહે, 'તો તારી સાવ નાની.'
બેન કહે 'સાવ નાની એટલે કેવડી ?'
ભાઈ કહે, 'નાની મારા નખ જેવડી.'

બેન કહે, 'તો તારી કેવડી?
મારી આંગળીના ટેરવા જેવડી?'

ભાઈ કહે, 'હા, હા, ટેરવા જેવડી.
નખ કરતાં ટેરવું મોટું જ ને?'

બેન કહે, 'તારી ટેરવા જેવડી,
તો મારી આંગળી જેવડી.'
ભાઈ કહે, 'તારી આંગળી જેવડી?
તો મારી વેંત જેવડી.'

બેન કહે, તારી વેંત જેવડી,
તો મારી હાથ જેવડી.'
ભાઈ કહે, 'તારી હાથ જેવડી?
તો મારી વામ જેવડી.?'

વાતે વાતે વાત વધી.
એમાંથી કોઈ હારે એવું ન હતું.
એક પછી એક બોલ્યે જ જાય.
બેન કહે, 'તારી વાસ જેવડી એમ ?
તો મારી આ બારણા જેવડી.'
ભાઈ કહે, 'તારી બારણા જેવડી ?
તો મારી ઘર જેવડી.'

બેન કહે, 'તારી ઘર જેવડી,
તો મારી પેલી નાળિયેરી જેવડી.'
ભાઈ કહે, 'તારી નાળિયેરી જેવડી ?
તો મારી તાડ જેવડી.'

આખરે બેન કંટાળી.
એ કહે, 'મારી આકાશ જેવડી.'

આકાશથી મોટું શું હોય?
ભાઈ વિચારમાં પડી ગયો.
પણ તરત એને યાદ આવ્યું.
એ કહે, 'તારી આકાશ જેવડી એમ?
તો મારી ભગવાનની ચોટલી જેવડી.'

આ બધું એમની બા સાંભળતી હતી.
બા કહે, 'બન્ને લડો છો શું કામ?
પેન તો સરખાવી જુઓ.'

બન્ને જણે પેન સરખાવી.
તો બેઉ પેન સરખી હતી.

પછી બન્ને હસી પડયાં.
ને હસતાં હસતાં લખવા મંડયાં.

---

# પાકાં બોર

એક હતી બેન ને એક હતો ભાઈ.

એક દિવસ એમની બા કહે,

'બોરની મોસમ તો ચાલી. થોડાં પાકાં બોર લઈ આવોને.'

ભાઈબેન ટોપલી લઈને ઊપડયાં.

આવ્યાં એક બોરડી પાસે.

પણ પાકાં બોર મળે જ નહિ.

પછી તો બીજી, ત્રીજી, ચોથી એમ ઘણી બોરડીએ ફર્યાં. પણ કશે બોર રહ્યાં ન હતાં.

આખરે બેઉ ઘેર જવા પાછાં ગયાં. બેઉનાં મોં પડી ગયાં હતાં.

ધીમે ધીમે જતાં હતાં. એવામાં એક વાડીવાળો મળ્યો. છોકરાંઓને જોઈને એ સમજી ગયો. એ કહે, 'તમે બોર વીણવા ગયાં હતાં? મોસમ તો પૂરી થવા આવી. અત્યાર સુધી બોર કોણ રહેવા દે?'

'પણ અમારી બાએ છેક આજે કહ્યું.' ભાઈએ ધીમેથી જણાવ્યું.

વાડીવાળો કહે, 'વાંધો નહિ. મારી વાડીમાં આવો. એક બોરડી પર હજી બોર છે. તમારે જોઈએ તેટલાં લઈ જાઓ.'

ભાઈબેન હોંસભેર વાડીમાં ગયાં. વાડીવાળાએ બોરડી બતાવી. બોરડી પર કાંઈ બોર હતાં. પાકાં રાતાંચોળ ને મોટાં મોટાં.

બેઉ જણ ખુશ થઈ ગયાં. બેન બોરડી ઉપર ચડી ગઈ. ને ડાળી જોરથી હલાવવા મંડી. એ નીચે બોર જ બોર.

ભાઈ બોર વીણવા મંડી ગયો. વીણતો જાય ને ખાતો જાય. ખાતો જાય ને વીણતો જાય. થોડીવારમાં ટોપલી ભરાઈ ગઈ.

ભાઈ કહે; 'બેન હવે બસ કર. આટલાં બધાં કયારે ખાઈ રહીશું?'



બેન કહે, ‘ ગાંડો રે ! આટલાં બધાં ખાઈ જઈએ તો માંદા ન પડીએ ?’

‘ ત્યારે શું કરીશું ? ’

‘ કેમ વળી, થોડાંનું અથાણું કરાશે, થોડાં સૂકવાશે ને થોડાં તાજાં તાજાં ખાઈશું. ’

પછી ખુશ થતાં બેઉ ઘેર ગયાં.

# રમતિયાળ રામુ

એક હતો છોકરો.

એનું નામ રામુ.

રામુ બહુ જ રમતિયાળ.

રમી રમીને ખૂબ મોડો સૂએ,

ને રોજ ખૂબ મોડો ઊઠે.

એક દિવસ એ વહેલો જાગી ગયો.

ઊઠીને તરત રમવા ઊપડ્યો.

પડોશે પ્રદીપને ત્યાં ગયો. ને કહે, 'ચાલ પ્રદીપ, રમીએ.'

પણ પ્રદીપે કહ્યું, 'ના ભાઈ, હું તો દાતણ કરું છું.'

સામે સવિતાને ઘેર ગયો. સવિતાને કહે, 'ચાલ રમીએ.'

પણ સવિતાએ કહ્યું, 'ના ભાઈ, હું તો લેશન કરું છું.'

પછી એ નટુને ઘેર ગયો. પણ નટુ નાનીને નવરાવતો હતો.

પછી એ વિભા પાસે ગયો. પણ વિભા વાસીદું વાળતી હતી.

આમ ઘણી જગાએ ગયો. પણ કોઈ રમનાર મળ્યું નહિ.

છેવટે થાકીને ઘરે જતો હતો. એવામાં એને પુષ્પા મળી. પુષ્પા પાણી ભરીને આવતી હતી.

રામુ કહે, 'પુષ્પા, આજે બધાં જ કામમાં લાગે છે. કોઈ મારી સાથે રમતું જ નથી.'

પુષ્પા કહે, 'સવારમાં બધાં દાતણપાણી કરે ને ઘરમાં મદદ કરે. ત્યારે તારે રમવાનું જોઈએ. હમણાં રમવાને કોણ નવરું હોય ?'

આખરે રામુ ઘેર ચાલ્યો ગયો.

# બાપાએ ભારે કરી

આજે બાપાએ ભારે કરી.

અમે બન્ને ખેતરથી આવતા હતા. આગળ હું ને પાછળ બાપા એમ ચાલતા હતા.

એવામાં એક મોટો સાપ મેં જોયો.

'ઓ બાપ રે સાપ' એમ મોટી રાડ નાખીને હું તો કૂદ્યો. ને ભગાય એટલા જોરથી ભાગ્યો.



આઘે જઈને મેં પાછળ જોયું.

બાપા ઝાડની ડાળી પકડીને ઊભા હતા. ને એમને પગે પેલો સાપ વીંટળાઈ ગયેલો હતો.

મેં તો રડારોડ ને ચીસાચીસ કરી મૂકી. હું ખૂબ જ ગભરાઈ ગયો.

પણ બાપાએ કહ્યું, ' ડર નહિ.

સાપનું મોં મારા જોડા નીચે છે. હવે એ કરડી શકે એમ નથી. પણ સાપને પગેથી ખોલવો પડશે. તું મને મદદ કરી શકશે ?'

મારી ત્યાં જવાની હિંમત શાની ચાલે ? મેં માથું હલાવ્યું.

એવામાં ત્યાંથી એક માણસ જતો દેખાયો. બાપાએ એને બૂમ મારી.

પેલો માણસ બીધો નહિ. એણે તો સાપની પૂછડી પકડી. અને ધીમેથી બાપાના પગેથી સાપને ખોલી નાખ્યો. ને લાકડી લગાવી મારી નાખ્યો.

પછી અમે ઘેર ગયાં.

રસ્તામાં બાપાએ મને સમજ પાડી. 'આવે વખતે ગભરાઈને પગ ઉપાડી લઈએ, તો સાપ કરડી જાય. ડાળી પકડીને સાપનું મોં મેં દાબી રાખ્યું હતું. તું નકામો ગભરાતો હતો.'

મને મનમાં થયું: આમ પગ રહેવા જ કેવી રીતે દેવાય? મારી ધ્રૂજારી હજી ભાંગી ન હતી.

આજે બાપાએ ભારે કરી.

# બાપુજી જાંબુડા લાવ્યા

'જાંબુડાં લાવ્યા, બાપુજી જાંબુડાં લાવ્યા, ચાલો ચાલો, બાપુજી જાંબુડાં લાવ્યા. બૂમ મારતી ઈલા આવી.

ઉષા, નવીન, હર્ષદ, બધાં તરત દોડી આવ્યાં.

બાપુજીએ ઈલાને જાંબુડાં આપ્યાં. ને કહ્યું, 'લે; બધાંને સરખે ભાગે વહેંચી આપ. વહેંચી શકશે કે નહિ ?'

ઈલા હતી તો નાની. પણ બોલી: 'હા, હા. વહેંચી શકીશ.'

પહેલાં એણે જાંબુડાં ગણ્યાં. બત્રીશ થયાં. ભાઈબેન ચાર હતાં. હરેકને કેટલાં આપવાં તે એને સમજાયું નહિ.

હર્ષદ એને કહેવા જતો હતો. પણ બાપુજીએ અટકાવ્યો.

ઉષા કહે, 'એને ચાકુનો કોઠો ક્યાં ચાલ્યો છે? એ કેવી રીતે ભાગ પાડી શકશે?'

નવીન કહે, 'હજી તો એને સો સુધી ગણતાં આવડે છે. એ શું ભાગ પાડી શકવાની?'

પણ બાપુજીએ કહ્યું, "આંક ન ચાલ્યા હોય તો ય ભાગ પાડી શકાય. જુઓ તો ખરા. ઈલા શું કરે છે!"

ઈલા જાંબુડાં સામે જોયા કરતી હતી. એ વિચારતી હતી કે ભાગ પાડવા શી રીતે?

પણ ત્રણે ભાઈબેન કંટાળ્યાં. એમનાં મોંમાં પાણી છુટતું હતું. ક્યારે જાંબુડાં મળે ને ઊડાવીએ, એમ એમને થતું હતું.

હર્ષદ કહે, "ઈલા, કહી દે, કે નહિ વહેંચી શકાય. નકામી વખત શું કામ ગુમાવે છે?"

ઉષા ને નવીન પણ તરત બોલ્યાં, 'હા, હા. ઈલા, કહી દે. તારાથી આ નહિ વહેંચાય.'

પણ ઈલા હોશિયાર હતી. એણે ઉપાય શોધી કાઢ્યો.

એણે વારાફરતી એક એક જાંબુડું બધાંને આપવા માંડ્યું. આઠ વખત એક એક આપ્યું એટલે જાંબુડાં વહેંચાઈ ગયાં.

બાપુજીએ ઈલાને ખૂબ શાબાશી આપી. નાનીબેનની અક્કલથી ત્રણે ભાઈબેન ખુશ થઈ ગયાં.

પછી હોંસથી જાંબુડાં ખાવા લાગ્યાં.

# આવકાર

**આ** શાસ્ત્રીય કે અર્ધશાસ્ત્રીય બાલસાહિત્યનાં પ્રકાશનો વચ્ચે **ભાઈશ્રી વસન્ત નાયકનું** આ બાલસાહિત્ય પ્રગટ કરવાનું આજની ઘડીએ ઉચિત ગણાય. બાલસાહિત્ય વૈજ્ઞાનિક છે કે નહિ એની કોઈ ભારેખમ કસોટીને એક બાજુએ રાખીએ તોપણ બાલસાહિત્ય માટેનાં બેત્રણ તત્ત્વો ઉપર જે સાહિત્ય રચાયું ન હોય તેને આપણે બાલસાહિત્ય કહી શકીએ નહિ. આજે તો સાદી સમજની અને વિજ્ઞાનની એમ બંને પ્રકારની કસોટી-માંથી પાર ઉતરે તેવું બાલસાહિત્ય નહિ જેવું જ જોવા મળે છે.

વાસ્તવદર્શન કે જીવનપરિચય મનુષ્ય માત્રની ખાસિયત છે. બાળક તેમાંથી વંચિત નથી. ઘણાએ એમ માન્યું કે અવાસ્તવ દુનિયાનું દર્શન બાળકને વધારે પ્રમાણમાં આકર્ષી શકે, અને એટલે પરીકથાઓ કે તરંગી કથાઓ ઉત્તમ પ્રકારનું બાલસાહિત્ય સમજાવા લાગ્યું. તરંગ અને એમાંથી પ્રગટ થતા કલ્પનાના માનસિક તત્ત્વને બાલસાહિત્યમાં સ્થાન નથી એમ હું કહેવા નથી માગતો. પરંતુ બાલસાહિત્યલેખક એની મર્યાદા ચૂકી જાય તો એવાં બાલસાહિત્યને આપણે વિવેકી અને સમતોલ ગણી શકીએ નહિ.

**ભાઈશ્રી વસન્ત નાયકે** વાસ્તવદર્શનને પોતાના લેખન-નો મુખ્ય પાયો ગણ્યો છે એ એની એક વિશિષ્ટતા છે. ભાષાની ક્રમિકતા જાળવવાનું કામ તો એમને માટે સહેલું ને સાહજિક ગણાય. કારણ કે પોતે ધંધાએ ને ધર્મે શિક્ષક છે. પોતે અથવા તો પોતાના સમવયસ્કો જે વર્ણનોમાં, જે કથાઓમાં કે જે પ્રસં-

ગોમાં આવે તેવાં સાહિત્ય સાથે બાળક વધારે પ્રમાણમાં આત્મીયતા સાધે છે તે સત્યનું પ્રથમ દર્શન જગતને સાચા શિક્ષક **શ્રી નીલે** કરાવ્યું. આપણા ગુજરાતનાં બાલસાહિત્યમાં એ પ્રથા પ્રવેશી પ્રવેશીને લુપ્ત થઈ ગઈ છે. થોડે અંશે પણ એને સજીવ કરવાનો યશ **ભાઈ વસન્ત નાયક** લઈ જાય છે એ આનંદ અને સંતોષની વાત છે.

ગુજરાતની બાલદુનિયા આ સાહિત્યને વધાવશે ત્યારે જ એની સાચી કસોટી થયેલી આપણે ગણશું. દરમિયાન બાળકો વતી આ સાહિત્યને આવકારવાની આજે તો મેં હિમ્મત કરી છે.

ઘરશાળા
ભાવનગર } **હરભાઈ**

# બે બોલ

**ઘ**રશાળા બાલપુસ્તકમાળાના બારમાંના પ્રથમ ચાર મણકા વાર્તાઓના પ્રગટ થાય છે. આપણાં નાનાં બાળકો પોતે સરળતાથી ને રસથી વાંચે એવી વાર્તાઓ આપણે ત્યાં જવલ્લે જ જોવાની મળે છે. મારી **વિભા** જ્યારે વાચન ઉપર ઊપડી અને વાર્તાઓની ચોપડી માગવા લાગી ત્યારે આ ખોટનો મને પૂરો ખ્યાલ આવ્યો.

પરિણામે એની માનસિક, બૌદ્ધિક અને વાચનની કક્ષા ધ્યાનમાં રાખીને વાર્તાઓ લખી આપવાનો અખતરો હાથ ધરાયો. અને આ રીતે નાનાં બાળકો માટેની પહેલા તથા બીજા ભાગમાંની વાર્તાઓ સર્જાઈ. અલબત્ત એ કાર્ય સરળ નહોતું

બન્યું. ભાષા, વસ્તુ, શૈલિ ને વાક્યરચના એ ઉંમરનાં બાળકોની કક્ષાનાં રાખી, માત્ર વાસ્તવદર્શી વાર્તાઓ લખતાં અનેક પ્રકારની મર્યાદાઓ આડે આવી. અને સરવાળે મોટી વાર્તાઓ કરતાં ઘણું વધારે મંથામણ અનુભવવું પડયું ને વખત પણ ઠીક ઠીક વધારે આપવો પડયો.

પણ આખરે આ વાર્તાઓ જે રીતે લખી શકાઈ તેથી **વિભા** સાથે મિત્રોનાં બાળકોને અને તેથી મને ઘણો સંતોષ થયો. અને આજે જ્યારે ગુજરાતની જાણીતી શિક્ષણસંસ્થા **ઘરશાળા** પોતાના પ્રકાશન તરીકે એને પ્રગટ કરે છે ત્યારે વિશેષ આનન્દ અનુભવાય એ સ્વાભાવિક છે.

નાનાં બાળકો માટે પહેલો ભાગ એક લીટીમાં એક એક વાક્ય રાખીને અને બીજો ભાગ નાના નાના પેરામાં છાપવો ઉચિત ગણ્યું છે. મોટા ટાઈપના વાચનમાં બાળકને આંખ ખેંચવી પડતી નથી ને માનસિક બોજો પણ અનુભવવો પડતો નથી એવો મારો અનુભવ છે. બીજા બે ભાગ ક્રમે એથી મોટાં બાળકો માટે છે એ કહેવાની જરૂર નથી.

આ ચારે પુસ્તકોને ઝીણવટથી તપાસી જઈને **સુરંભાબી હરભાઈએ** ધાર્યા સમયે આવકાર લખી આપ્યો છે તેથી હું ઘણો આભારી બન્યો છું. અને મારી કલમ માટે એમણે જે કહ્યું, તેથી મને એ પંથે આગળ વધવા ઠીક ઠીક બળ પણ મળ્યું છે.

ગુજરાતી ભાષામાં આગળ વધવા મથતાં બાળકો એને ઉમંગભેર આવકારશે એની મને ખાત્રી છે. તા ૩૦–૯–'૪૮

૮ આનન્દનગર,<br>અમદાવાદ ૭

**વસન્ત નાયક**